**Class : XII**

Gujarati

Sample Question Paper

**Code No.10**

- આ પ્રશ્નપત્રમાં કુલ 6 પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં કુલ 6 પ્રશ્નો  છે તે તપાસી લેવું.
- પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. (10-15 થી 10-30)
- વાંચવાના સમય દરમિયાન કોઈપણ વિદ્યાર્થી ઉત્તર લખી શકશે નહીં.
- **Please check that this question paper contains 6 printed pages.**
- **Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.**
- **Please check that this question paper contains 5 questions.**
- **Please write down the serial number of the question before attempting it.**
- **15 minute time has been allotted to read this question paper (10-15 to 10-30)**
- **Students will not write any answer on the answer-book during this period.**

ClassResult.in

# ગુજરાતી

## ધોરણ-XII (110)

સમય – 3 કલાક | કુલ ગુણ :80

Time: 3 hrs. | M.M. – 80

**Section A - Advanced Reading Skill**

પ્ર.૧ નીચે આપેલો ગદ્યખંડ વાંચી આપેલા પ્રશ્નોના જવાબ તમારા શબ્દોમાં લખો. (5)

[અ]

મનુષ્ય પોતાના જીવનનો વિકાસ પોતે જ કરી શકે છે. આપણે જો પોતાના મન પર કાબુ મેળવ્યોહોય તો બધુજ કરવા સમર્થ છીએ., આ જીવનરૂપી સફરમાં ઘણા મદદ કરવાવાળા મળશેપણ અંતે કાર્ય તો આપણે જ કરવું રહ્યું.

ભગવાને આ માનવરૂપી દેહમાં બધીજ શક્તિઓઆપી છે, અને મન એ તો આ બધાને સાથે લઈ આપણને જીવનમાં આગળ વધવા પ્રેરિત કરે છે. કહેવાય છે કે માણસના જીવનમાં અમુક

પરિસ્થિતિ એવી આવે છે કે મન ડગમગી જાય છે. પણ જો એ સમયે થોડી ધીરજ રાખી આગળનું ચિત્ર વિચારો તો કદાચકંઈક નવો રસ્તો મળી શકે. માણસ ધારે તો જીવનમાં બધું જ મેળવી શકે છે અને જો મક્કમતાના હોય તો ગુમાવી શકે છે. એટલે તો કહેવાય છે કે "સુખમાં છલકાવું નહિ, દુઃખમાંગભરાવું નહિ".

જેમ દરિયો પોતાના પેટાળમાં બધું જ સમાવી લે છે પછી એ સારું હોયકે ખરાબ ત્યારે જ તો દરિયાની બરાબરી કોઈ કરી શકતું નથી. પણ જયારે દરિયો પોતાનીમાજા મૂકે તો વિનાશ સર્જી દે છે. તેવી જ રીતે જો આપણે આપણી શક્તિઓનો અને બુદ્ધિનોસમજીને અને વિચારીને સદઉપયોગ કરીએ તો દરેક શિખર સર કરી શકીએ છીએ અને યશ-કીર્તિપ્રાપ્ત કરી શકીએ છીએ, પણ જો એ ન સમજીએ તો જીવનમાં વિપરીત પરિસ્થિતિ પણ આવી શકે છે.એટલે જ જીવન એ એક મેદાન છે અને આપણે બધા ખેલાડીઓ છીએ. જીતશે એ જ સમજશે અને પછીરમશે. માટે જીવનમાં જો બધું ખોઈ બેસો તો પણ મનની મક્કમતા ક્યારે પણ ના ખોવી જોઈએ, કેમકે વ્યક્તિ ત્યારે જ હારે છે જયારે તે મનથી હારી જાય છે. અને આના લીધે આપણે એકઆદર્શ જીવન જીવી શકીએ છીએ, જીવનની રમત જીતી શકીએ છીએ.

(ક) ભગવાને આપણાં દેહમાં શું આપ્યું છે?

(ખ) આપણું મન ડગમગી જાય ત્યારે શું કરવું જોઈએ?

(ગ) જીવનના શિખર સર કરવા શું કરવું જોઈએ?

(ઘ) કોઈ દરિયાની બરાબરી કેમ કરી શકતા નથી?

(ચ) આ ગદ્યાંશમાંથી તમને શું બોધ મળ્યો?

[આ] <u>નીચેનું કાવ્ય વાંચી, સમજી આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો.</u> (5)

કાળા ભમ્મર વાદળમાં એક શ્વેત કિનારી શોધું છું
છૂપાઈ રહી નિરાશામાં તે આશઠગારી શોધું છું.

વર્ષો વિત્યા છે તો ય હજુ હું માર્યો માર્યો ભટકું છું
તમે લખી નથી જે કદીમને તે ચિઠ્ઠી તમારી શોધું છું.

બચપનથી લઈને પચપનતક સજ્જનતાની સોબતમાં રહ્યો,
હવે અન્ત તરફ આવી શાને એક ટેવનઠારી શોધું છું ?

ClassResult.in

ઓ આફત તું આવી તો ભલે સ્વાગત છે તારું મુજ દ્વારે,
સેહતથી ભરેલા જીવનમાં હુંએક બિમારી શોધું છું.

વ્યસ્ત જીવનમાં મસ્ત બની ભૂલ્યો છું સઘળી યાદો, પણ...
‘મન’ ના ખૂણામાં દૂબકેલીએક યાદ બિચારી શોધું છું.

(ક) કવિ શ્વેત કિનારી ક્યાં શોધે છે?

(ખ) કવિ સજ્જનતાની સોબતમાં ક્યાં સુધી રહ્યાં?

(ગ) કવિ પોતાના દ્વારે કોનું સ્વાગત કરે છે?

(ઘ) નિરાશાની પાછળ શું છુપાયું છે ?

(ચ) કવિ કેવા જીવનમાં મસ્ત બની ગયા છે ?

## Section B –( Effective WritingSkill)

પ્ર.૨[અ] **નીચે આપેલા વિષયમાંથી કોઈપણ એક વિષય પર આશરે 200 થી 250 શબ્દોમાં નિબંધ લખો.** (8)

(ક)મોબાઈલની જાળમાં ફસાયેલો આજનો યુવાન (ખ) “જનનીની જોડ સખી નહીં જડે રે......”

(ગ) મારા સપનાનું ભારત

[આ] તમારી શાળામાં યોજાયેલ “રમતોત્સવ” વિશે આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો. (6)

[ઇ] ‘અભ્યાસનું મહત્ત્વ’ સમજાવતો પત્ર તમારી નાની બહેનને લખો. (6)

ClassResult.in

*અથવા*

શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે યોગ્ય પગલાં લેવા મહાનગર સેવા સદનને પત્ર લખો.

પ્ર.3

## Section C – Applied Grammar

[અ] **નીચેનારૂઢિ પ્રયોગોના અર્થ લખી વાક્ય બનાવો . (કોઈપણ ત્રણ)** (3)

(1) ધતિંગ કરવા (2) મોહી જવું (3) ઠરીઠામ થઈ જવું (4) આંખ લાલ થવી

[આ] **નીચે આપેલી કહેવતોના અર્થ લખો.** (3)

(1) દાઝ્યા ઉપર ડામ (2) એક સાંધે ત્યાં તેર તૂટે (3) ઝાઝા હાથ રળિયામણા

[ઇ] **નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો. (કોઈપણ ત્રણ)** (3)

(1) પ્રત્યુત્તર (2) વ્યાખ્યાન (3) સજ્જન (4) સ્વાવલંબન

[ઈ] **સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો.** (3)

તે માણસ અતિશય મહેનત કરી રહ્યો હતો.. (ઉદગાર વાક્ય )

હું સવારે વહેલો ઉઠું છું. (નિષેધ વાક્ય)

ગોવિંદ શાળાએ ગયો. (પ્રશ્ન વાક્ય)

[ઊ] <u>સૂચના મુજબ કાળ પરિવર્તન કરો.</u> (3)

અમે માનસરોવર જવા નીકળ્યા. ( ભવિષ્યકાળ)

રાધાનો પ્રેમ અપરંપાર હતો. (સાદો વર્તમાનકાળ )

રાજયમાં ખૂબ વરસાદ પડ્યો. (સાદો ભૂતકાળ)

## Section D
## Literature -Text Book

પ્ર.૪ <u>નીચે આપેલો ગદ્યખંડ વાંચી આપેલા પ્રશ્નોના જવાબ એક-એક વાક્યમાં લખો.</u> (4)

**[અ]**

દેવ આગળ દીવો કરવા ને ફાનસ સળગાવવા પ્રભાશંકરે દીવાસળી શોધી , પણ જડી નહીં , પણ દીવાસળી શોધતાં એક દાબડામાંથી સોયદોરો જડ્યાં. એ લઈને પ્રભાશંકર ઓટલે ગયાં. શેરીના દીવાને અજવાળે એમણે કેટલું થીગ ડું મારવું પડશે તેનો અંદાજ કાઢી લીધો. પોતાની બેસવાની ગાદી નીચે સંઘરેલાં ગાભાચીંથરામાંથી માપસરનો એક ટુકડો કાઢ્યો. એનો રંગ કોટના રંગને મળતો નહોતો આવતો, પણ એવું કપડું ક્યાંથી લાવવું?આ કોટનેય હસમુખ જેટલાં વરસ થયાં. મિલિટરીના સસ્તે ભાવે કાઢી નાખેલાં કપડામાંથી મણિશંકર એ લઈ આવેલો.

દીવાને અજવાળે પ્રભાશંકરે આંખ ઠેરવીને સોયમાં દોરો પરોવવાનો પ્રયત્ન કર્યો. દોરીને થૂંકથી ભીની કરીને છેડે વળ ચઢાવ્યો, ઘણા પ્રયત્નો કર્યા પણ સોયનું નાકું દેખાય તો ને!

ClassResult.in

એટલામાં શેરીના દીવા આગળ રમતા એક કિશોરની એ ના તરફ નજર ગઈ, થોડી વાર સુધી તો એણે પ્રભાશંકરના નિષ્ફળ પ્રયત્નોને કુતૂહલથી જોયાં કર્યા. પછી એ પાસે આવીને બેઠો અને ભીંતના પોપડા ઊખેડતો ઊખેડતો પ્રભાશંકરના પ્રયત્નોને જોઈ રહ્યો.

પ્રભાશંકરનું એના તરફ ધ્યાન ગયું એટલે એમણે કહ્યું , ‘કોણ છો બેટા ? દયાશંકરનો મનુ કે ?’ પેલા કિશોરે કહ્યું, ‘હા દાદા.’

કિશોરના માનવાચક સંબોધનથી પ્રોત્સાહન પામીને પ્રભાશંકરે કહ્યું , ‘ભાઈ, મને જરા આ સોયમાં દોરો પરોવી આપ ને!’

મનુએ કહ્યું, ‘દાદા, એક શરત, તમારે વાર્તા કહેવી પડશે.’

(ક) આ ગદ્યાંશના લેખકનું નામ તથા પાઠનું નામ લખો.

(ખ) ‘પ્રભાશંકર કેવું જીવન જીવતા હતાં?

(ગ) પ્રભાશંકર શું શોધતા હતા?તેમને દાબડીમાંથી શું મળ્યું?

(ઘ) પ્રભાશંકરેસોયમાં દોરો પરોવવા માટે કોને કહ્યું? તેણે કઈ શરતે હા પાડી?

[આ] <u>નીચે આપેલા વિધાનો માટે પૂર્વાપર સંબંધ આપો.</u>(કોઈપણ બે) (4)

(ક) "એ તો બહુ મોટા માણસ રહ્યા. તમને કેમ મળશે?"

(ખ) "હું અહીં કાંઈ લેવા નથી આવ્યો, મને તો માલિકને આપવું હશે તો તે આપી રહેશે."

(ગ) "બીજા અન્યાય કરે તેથી આપણે પણ અન્યાય કરવો, એ ન્યાયયુક્ત નથી."

[ઇ] <u>નીચે આપેલા પ્રશ્નોનાં સવિસ્તર જવાબ લખો. (કોઈપણ બે)</u> (8)

(ક) અખો શા માટે સંસારત્યાગ કરે છે? એની મન:સ્થિતિ વર્ણવો.

(ખ) 'મોરના ઇંડા' શીર્ષક સમજાવો.

(ગ) નારાયણ હેમચંદ્રનું ચરિત્ર ચિત્રણ કરો.

[ઈ] <u>નીચે આપેલા પ્રશ્નોનાંત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો. (કોઈપણ બે)</u> (4)

(ક) મામાએ બાળક બિસ્મિલ્લાખાંને શા માટે ખૂબ માર્યો? પછી કઈ શિખામણ આપી?

(ખ) વેનિસમાં ક્યાં ક્યાં રમણીય સ્થાનો છે?

(ગ) લેખક બાલ્યકાળના સુખની શી કલ્પના કરે છે?

પ્ર.૫ <u>નીચે આપેલી પંક્તિઓ વાંચી આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.</u> (3)

[અ]

ClassResult.in

મેળો આપો તો એક માનવીની સંગ
અને એકલતા આપો તો ટોળે,
જીવતર આપો તો એવું આપો કે
શ્વાસ એના કેફના કસુંબાને ઘોળે!
તરતાં ન આવડે લગાર અને તગતગતા
તડકાનો દરિયો લલકારે.
થાકેલી આંખો અંજાતી નથી, તોય
થોડા મૃગજળ ચળકે છે મઝધારે.

(ક) ઉપરોક્ત કવિતાના કવિ કોણ છે?

(ખ) કવિ કેવું જીવન ઇચ્છે છે?

(ગ) કવિ કોનો સંગાથ ઇચ્છે છે?

[આ] <u>નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો. (કોઈપણ બે)</u> (4)

(ક) રસ્તાની આગવી વિશિષ્ટતા 'આ રસ્તાઓ' કાવ્યને આધારે તારવો.

(ખ) ગંગાસતી માનવ સ્વભાવના ક્યા ક્યા દુર્ગુણો જણાવી તેને દૂર કરવાના ઉપાયો સૂચવે છે?

(ગ) 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી'કાવ્યનો મર્મ તમારા શબ્દોમાં લખો.

**[ઈ] નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં જવાબ લખો. (કોઈપણ બે)** (4)

(ક) વીડી ન વાઢવા પાછળ નાયિકાનો શો હેતુ છે?

(ખ) શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે?

(ગ) કોની સ્મૃતિથી કવિ વિહવળ બને છે?શા માટે?

**પ્ર.6 નીચે આપેલા સાહિત્યકારોનો પરિચય આશરે 100 શબ્દોમાં લખો. (કોઈપણ એક)** (4)

ઉમાશંકર જોશી 2. ઝવેરચંદ મેઘાણી 3. સુંદરમ

---

ClassResult.in